સંદેશ, તારીખ :- ૨૦/૯/૨૦૨૫

પાના નંબર :- ૦૨

## "હડતાળથી મેટ્રોમાં એક જ દિવસમાં ૧ લાખથી વધુ મુસાફરો વધ્યા

અમદાવાદમાં ૭ સપ્ટેમ્બરથી રિક્ષાચાલકોની હડતાળને પગલે મેટ્રોમાં ભારે ધસારો થતાં વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ રૂટ પર દૈનિક ૬ વધારાના ફેરા શરૂ કરાયા છે. પીક અવર્સમાં સવારે ૪ અને સાંજે ૨ ફેરા વધારતાં હવે દર સવા પાંચ મિનિટે ટ્રેન મળી રહી છે. ૬ સપ્ટેમ્બરે ૧,૨૧,૬૨૬ મુસાફરો નોંધાયા હતા, જે હડતાળના પ્રથમ દિવસે ૭ સપ્ટેમ્બરે સીધા વધીને ૨,૨૪,૭૨૫ થતાં એક જ દિવસમાં ૧,૦૩,૦૯૯ મુસાફરોનો ઉછાળો જોવા મળ્યો હતો. જ્યારે ૮ સપ્ટેમ્બરે ૨,૦૧,૭૯૬ મુસાફરો નોંધાયા હતા. રોજ ૪૦૩ ટ્રીપ સાથે મેટ્રો પરિવહનની જીવાદોરી બની ગઈ છે."